યાઅલી મદદ.

શ્રી ઈમામશાહ બાવાના

મછા.

કીંમત બે આના.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૩૭૦ वर्गांक

पुस्तकनुं नाम ઈમામશાહ બાવાના પ્ર...

विषय ૨ - : ૧

યાઅલી મદદ.

શ્રી ઈમામશાહ બાવાના

મછા.

છપાવનાર.

સૈયદ બાવા સાહેબ અહેમદઅલી.

સહાયકારી.

કાકા રામજી કરમસી કારભારી સાહેબ.

(આ પુસ્તક સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ રજીષ્ટર
કરાવી કર્તાએ સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.)

અહેમદાબાદ.

"વિજય પ્રવર્તક" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૫ ના કારતક સુદી ૨.

કીંમત બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૭૬૦

માફી.

આ પુસ્તક મારી અજાણ્યુ કલમથી લખેલો હોવાથા માંહી અનેક પ્રકારની ભૂલચુક રહી ગઇ હશે ? તે વિષે સુજ્ઞ વંચકો પાસેથી માફી માગું છું.

લી. આપનો શુભઇચ્છક.

પ્રસ્તાવના.

સર્વ સુજ્ઞ વંચકોને નમ્રતા પુર્વક આ પુસ્તક નામે "શ્રી ઈમામશાહ બાવાના પ્રછા" આગળ મૂકી જાહેર કરૂં છું કે, પ્રથમ સને ૧૮૯૨, ની સાલમાં. મુંબઈનાં પ્રેસમાં "ગુરે ઇમામ વાણી" ના નામથી છપાએલા હતા. પણ તેમાં ઘણોક સુધારો કરી હમોએ સરસ રીતથી છપાવરાવ્યા છે, કે જેથી વંચકોને વાંચતાં સુગમ પડે. વળી મોટા ટાઇપથી છાપેલ હોવાથી મોટી નજરવાળાને અગવડ આવે નાહિં. આ પ્રછાનુ પુસ્તક કલમી લખાણનાં રૂ ૧) એક માટે મળતા હોવાથી, કેટલાક લોકોને મોંઘા પડતા. તેથા આ છપાવેલો પુસ્તક ફકત. રૂ. ૧) ના આના જેવી નજીવા કીમતમાં આ અમુલ પુસ્તક મફત કામતમાં મળે, તેટલાજ સારૂ પ્રયાસ કરેલો છે. તે શ્રી બાવાજી સાહેબ. શફળ કરે.

લેખક.

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી

મુ. પીરાણા

પો. ગેરમથા

જી. અહેમદાવાદ

દેસ. ગુજરાત.

પરછા.

પ્રગટ પછોરે ગોર ઇમામનો, જુગમાં જાણો અજિતજી;
જાગતી જોત જાંબુદ્વિપમાં, જાણે ઉગ્યો ઉદ્દતજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૧

ધામ ઘણા ધરતી ઉપરે, તીરથ તીરથના ઘાટજી;
એવા શુંદિર જગ્યા શોભતી, એવો આવે નહિ કંઇ ઠાઠજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૨

રોજા જોઇને રાજી થઇએ, આનંદ ઉપજે મન માંહેજી;
આઠ પોહોર ને ચોસઠ ઘડી, સુખે રહાયે ત્યાંએજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૩

પ્રથમ કહું પીરાણા તણું, વિગતે કરૂં વિસ્તારજી;
અલ્પ બુદ્ધિએથી ઓચરૂ, ગોર મોરી લજ્જા રાખણહારજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૪

ગોરભિસ્ત થકી આવીયા, આવ્યા દુનિયાની માંહેજી;
હાજર બેગ હજુરમાં, હુકમ માને છે ત્યાંએંજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૫

હાજર બેગ સોબતે આવીયા, આવ્યા વન ખંડિ માંહેજી;
એક લૂંટારો ચોર ત્યાં વશે, લૂટવા આવ્યો ગોરને ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬

સનમુખ આવા ઉભો રહ્યો, તીર ચડાવી કમાનજી;
ત્રિલોકાનાથ જાણ્યા નાહિ, કામઠું ખેંચ્યું કમાનજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭

ધણુનો પ્રછો ત્યાં ઢુંકડો, કામ કેવાં કરે તેણી વારજી;
લૂંટારા તણો હાથ ઉંચો રહયો, તીરનાં છૂટયો લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮

પ્રગટ પ્રછો જ્યાં દેખાડીયો, આવી પડયો ગોરને પાએજી;
અનાથ બંધુ ઓળખ્યા નહિ, માફ ગુનો કરો સાહેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯

અરજ કરી કહ્યું એટલું, ભવોભવ આપનો દાસજી;
અવિચળ ભકિત આપો આપની, રાખો ચરણની પાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦

અનંત પ્રકારે અરજ કરી, કિ્રપા કરી દયાવંતજી;
શેવક જાણીને સાથે લેવા, ખબર લીધી ખુદાવંતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧

પ્રથમ પ્રછો એવે. પૂરીને, આવ્યા સાબરમતિ તીરજી;
ત્યારે આવી કામ કેવાં કર્યા, સુણો સા મોમન વિરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨



રાગ છપ્પો.

હુકમ કર્યા હજુર, હોડી વાલાને ત્યાંઇ;
જાવું પૂર નદી પાર, વચન સુણો તું ભાઈ;
દયોને દોઢા દામ, પ્રથમ ઊતારો અમને;
કામ કરો જરૂર, રાજી કરીશું તમને,

હોડી વાલો એમ બોલિયો, વારા ફરતી ઉતરે સહી;
ઉતાવળ હોયજો એવડી, તો મારગ મોકળોછે અહી. ૧

સદ્ ગોર સુણી કાન, વચન બોલ્યા જે એવાં;
હાજર બેગને કહ્યું, કામ કરો કહ્યું તેવાં,
અલી નબીનું નામ, લેઈ પૂરમાં જઇ પડિએ;
ગાડી નાખો પૂરમાં, સહી કોને નવ નડીએ,
નામ નબીનું લેઇ કરી, ગાડી સોત ઉતર્યો સહી;
કહે બંધુ દાશ બે, સૌ અચરત પામ્યાં તહીં. ૨

પ્રગટ પ્રછો ત્યાંએ, ગોરે દેખાડયો જયાંઇ;
હોડીવાલો મનમાંહી, વિલાપ કરેછે ત્યાંઇ,
મુજ પાપતણો નહી પાર, પ્રભુનાં વચન નાં માંન્યાં
મુજ પાપ તણો નહિ પાર, આદ પુરૂષ નવ જાણ્યાં,
મુજ પાપતણો પાર આવે નહિ, ઘેર ગંગા આવી સહી;
કહે બંધુ બે અભાગિયા, જગતાર જાણ્યા નહિ. ૩

વિપરીત જોઇને વાત, ગયો ગોર પાસે જયાંહીં;
ગુનો માફ કરાવવા, ચિત્તમાં એવું ચાહી,
સૌને પૂછતો જાએ, ભલી રીત પણ ભમિયોં;
વાટ ઘાટ સૌ જોઇ, જંગલમાં જઇ ડમીયો,
અકળ કળા એ ગોર તણી, તે કોઇ નવ કળે સહી;
કહે બંધુ બે તેહને, દરસન પણ દીધાં નહિં. ૪

રાગ પ્રછાનો.

પ્રગટ પ્રછા એવા પૂરીને, આવ્યા ગરમતે ગામજી;
મુકામ કર્યો સરોવર વિષે, કેવા કર્યા તઈં કામજી,
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩

હુકમ કર્યો હાજર બેગને, જાવો પટેલની પાસજી;
પટેલને જઇ તમે એમ કહો, મુજ ગોર આવ્યા આગે વાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૪

હાજર બેગ ત્યાંથી ચાલીયા, ગયા પટેલની પાસજી;
હુકમ કર્યો મારા ગુરૂજીએ, આપો મુજને ઘાંસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫

ત્યારે પટેલ એમ બોલીઓ, ઘાસ નહિ મળે કાંઇજી;
સાત દુકાળી કાળ અહિં પડયો, મેહ નાં વરષે લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમાનનો. ૧૬

સાચો હોયજો તારો સતગુરૂ, મેહ વરસાવે આણો વારજી;
* ચાર આપું ઘાણી પેરની, થાએ અમતમ તણું કારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭

શોકાતુર થઇ પાછા ફર્યા, આવ્યા ગુરૂજીને પાસજી;

અબોલા આવીને બેઠા આસને, મનમાં થઇને ઉદાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૮

અંત્તર જામીએ ત્યાં જાણીયું, હાજરબેગને પૂંછે વાતજી;
કીયેરે કારણ શોકાતૂર થયા, વિસ્તારીને કહો વાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૯

અરજ કરી ઉભા રહ્યા, ગોર મોરી લજ્જા રાખણ હારજી;
મેહ વરસાવો મંચ્છા કરો, તો થાએ આપણું કાજજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૦

ખુશી થઇ ખુંદાવંત બોલીયા, નિશ્વે કરોને નીરાંતજી;
પટેલને જઇને જાહેર કરો, મેઘ મંડાશે મદ્ધ રાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૧

આનંદ થઇને ઉઠીયા, ગયા પટેલની પાસજી;
ગોરે કહ્યું એવું, જઇ કીધું, તો પટેલે આપ્યો ઘાંસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૨

રાત પડી રમતમાં, ગોરે કીધો છે કીરપાએજી;
હાજર બેગની અરજ સુણી; ગોરે કેવાં કીધાં કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૩

ઉત્તર માહેંથી ઉલટયો, ઘે રહ્યો છે અંધકારજી;
ધણીનાં ધુંબાકા ત્યાં વાગીયા, મેહ વરષે મુસળ ધારજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૪

જલવિજલ ત્યાં થૈ રહી, રચી રહી રંગની રેલજી;
ત્રાહી ત્રાહી સૌકો કરે, ત્રાહી કરે પણ પટેલજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૫

સલામે આવ્યા સદ્ગોર તણી, મનુષ્ય માત્ર તાંહેજી;
પ્રથમ પટેલ પણ આવીઓ, તેં મોટૂં કૌવતક થાએજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૬

સરોવરપર સદ્ગોર તણો, તંબુ દીઠો તરતાએજી;
અરજ કરી સૌ ઉભા રહ્યા, હવે કેમ કરીને જવાએજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૭

અરજ કરી જ્યાં ઇમાનને, ગોરે કરી છે કિપાએજી;
રૂમાલ નાખીને બોલાવિયા, લળી લાગો સૌ લાગે પાએજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૮

ભલે પ્રભુજી પધારિયા, અમ શેવકની લેવા સાએજી;
ભલેરે ભૂતળ વિષે આવિયા, કિપા કરી આપો આપજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૨૯

પાએ નમી પટેલ બોલીઓ, ગોર માગું એક વચનજી;
આપ ફરમાવો તે કીજીએ, કિપા કરો આપોઆપજી

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૦

ખુશી થઇ ગુરૂજી બોલીયા, મારે જોઇએ નહિ કાંએજી;
તીર ફેંકું મારો જ્યાં પડે, જગ્યા બંધાવું ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૧

એવી રીતે કરાર કરી, કબુલ કર્યું સર્વે ત્યાંએજી;
પટેલ પગ પાએ લાગીઓ, આનંદ ઉરમાં ના માએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામચો. ૩૨

ત્રિલોકો નાથે તીર ફેંકીઓ, જઇને પડયો છે જેઠારજી;
તેરે ઠેકાણે મોટા સિંહ વશે, ચાલી નીકળ્યો તેણી વારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૩

ગોર બ્રહ્મા પ્રગટ થયા, શુંદિર બનાવ્યું ત્યાં ધામજી;
જયજયકાર સૌને વાપિયો, તે પીરાણા પાટણ નામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૪

એક વારતે જગ્યા વિષે, મેહનત કરતા મજુરજી;
ગાદી હેઠેથી નાણું આપતા, પાસે બોલાવી હજુરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૫

એક મજુરે મન વિચારીયું, ગાદી હેઠે નાણું અપારજી;
રાત પડે આવી લેઈ જઉં, એવા કર્યા છે વિચારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૬

રાત પડે તે આવીઓ, ખોદી તપાસ્યું તમામજી;
એક પૈસો પણ જડયો નહિ, કઉત્તક કર્યું ગોર ઇમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૭

સાંજ બીજી જ્યારે પડી, મજુરને આપે છે દામજી;
ચોર મજુરને બોલાવિયો, બમણું આપે તેને દામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૩૮

તે મજુર ત્યારે બોલીયો, બાવા બમણું નાં હોયેજી;
બીજા મજુરોએ વિચારીયું, આ કારણ શું કેહેવાયેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમાનનો. ૩૯

તારે ગોરઇમામશાહ બોલિયા, બચ્ચા તેરી બોહોત મજુરીજી;
રાતે શંકટ તને બહુ પડયો, માટે લોને બમણા દામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૦

એવી રીતે મજૂરની, ખબર લીધી ખુદા વંત્તજી;
દોષ દલમા તેનો નવ ગણ્યો, આપે થયા દયાવંત્તજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૧

એક સમે મહમદ બેગડો, અમદાવાદનો બાદશાહેજી.
પારખું લેવા પંડે આવીયો, મનમાં કરીને ઠરાવજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો.

મહમદ બેગડો એમ બોલીયો, ભલા જમોને ભોજનજી;
એમ કહીને આગળ ધર્યો, કપટ કરી આવ્યો ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૩

ત્રિલોકીનાથે ત્યાં જાણીયું, બાદશાહ આવ્યો પારખા લેવાયેજી;
શ્રોતાજન સૌ શાંભળો, ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૪

ત્યારે ગોર ઇમામશાહ એમ બોલીયા, સભા સુણો સૌ તમામજી;
કાએકું બચ્ચારે બિલ્લી મરપડી, ઉઠજા તેરે મૂકામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૫

ગોર મુખથી જ્યાં બોલીયા, આળશ મરડીને ઉભી થાએજી;
ઉઠી આવી ગોરને પાએ પડી, ત્યાંથી ચાલી તે જાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૬

પ્રગટ પરછો દેખાડીઓ, સૌને થયો છે આનંદજી;
બાદશાહનું મન માન્યું નહિ, એવો છે મતિમંદજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૭

બીજું ફરીને કઉત્તક કર્યું, શ્વાંશ લાવ્યો તેણી વારજી;
ી શ્વાંશ ની મૂકી આગળે, ભોજન જમો શું હિર સારજી;
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૮

ધણુાને પ્રછો ત્યાં ઢુંકડો, ધણી મારો કેવાં કરે કામજી;
રૂમાલ ઢાંકેલો ઊતારોડીયો, લવિંગ સોપારી તમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૪૯

સભા સૌાને વહેંચ્યાં આપીયું, લળી લળી સૌ લાગે પાએજી;
જગત ઓધારણ ભલે આવીયા, ધન ધન ગોર ઈમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૦

ફરી પ્રછો એવો પુરીયો, બાદશાહ બુજ્યો નહિ મનમાંહેજી;
ત્રીજું કૌવતક ફરી તૈ કર્યું, સભા સૌ બેઠી ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૧

ઝેર દુધમાં નાંખીયું, પાવા લાવ્યો ગોરને પાસજી;
મીઠા મેવા જુગતે જમો, દિલમાં કૂડો છે વિચારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૨

ગોર બ્રહ્મા ઝેર પી ગયા, રૂકંભ્પ કરી ગયા આપજી;
સભા સહુ અચરત થઇ, મોટા કોઈક આવ્યા પીરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૩

સભા સૌ ખુશી થઇ, લળી લળી લાગે સૌ પાએજી;
દયાવંત્ત દિલમાં દયા કરો, કોટિક પાપ કરો માફજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૪

અવતાર થયો અવની વિષે, પધાર્યા ભકત તારણહારજી;
ધન તાત માત અમ તણા, આપે દીધાં છે દિદારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૫

બાદશાહ પગે પડયો ગોર તણે, અરજ કરેછે અરદાશજી;
અનાથ બંધુ માંગું એટલું, માફ ગુનો કરો હું દાશજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૬

જગતતારણ જાણ્યા નહિ, ના જાણ્યા ત્રિભોવન રાએજી;
દાશ ઉપર દયા લાવીને, કિપા કરો આપો આપજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૭

અરથ ગ્રથ માંગો ઉલટથી, આપું ગામ ને ગરાશજી;
આપ ફરમાવો તે હાજર કરૂં, રાખો ચરણની પાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૮

ગોર બ્રહ્મા એમ બોલીયા, મારે જોઇએ નહિ કાંએજી;
રાજી ખુશીથી તમો રાજ કરો, તમે જાઓ તમારે મુકામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૫૯

પ્રેમ કરી પ્રણવીએ, બાવા બેટી અમતણીજી;
અરજ માંગી ત્યાંથી ચાલીયો, ગયો પોતાને મુકામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૦

પ્રગટ પ્રછો એવો પૂરીયો, ધણી મારો કેવાં કરે કામજી;
અકળ કળા કોઇ નવ કળે, ધન્ન ધન્ન ગોર ઇમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૧

મોટું કામ એક ગોરે કર્યું, એછે અનાથનો નાથજી.
જે કોઇ આવે તેના ચરણ વિષે, ધણી મારો હેને ઝાલે હાથજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૨

રહેવાશી લોઢગર શેહેરનાં, લવાણા બ્રાહ્મણનો સાથજી;
તેનાં ગોરે કામ કેવાં કર્યાં, શુણો મુમન તેની વાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૩

સરવે મળી સંઘ કાઢીઓ, ચાલ્યા કાસી તીરથ વાટજી;
ચાલતાં ચાલતાં ત્યાં આવીયા, આવ્યા પીરાણાને ઘાટજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૪

પડાવ કર્યાં પાદર વિષે, સંઘ હળીયો તમામજી;
દર્શન કરવા સૌજન ચાલીયા, શુંદિર જોવાને ધામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૫

સંઘવી સર્વ ત્યાં આવીયા, શુંદિર જોયો મુકામજી;
સલામ કરી ત્યાં સદ ગોરને, પૂંછે ગોર ઇમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૬

ખુશી થઇ ગુણવંત બોલીયા, કોન મુલક સંચરેનાજી;
કોન મુલક જાના તુમ સહી, કયા કારણ હે તુમારેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામના. ૬૭

સંઘ વાળા સર્વ ત્યાં બોલીયા, ઉત્તર દીધો તેણી વારજી;
કાસી તીરથ બાવા જે કહિયે, હમારે જાવું છે ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૮

દિદાર કરવાને આવીયા, જોવા જગ્યા તણો ઠાઠજી;
કાલે અહાંથી હમો ચાલશું, જાશું કાસી તીરથ ઘાટજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૬૯

ત્યારે ગોર ઇમામશાહ બોલીયા, પ્રેમે જોઇ સૌનાં મનજી;
ક્રિપા ધરદ દાશ ઉપરે કરા, મેહેર કરી તેણી વારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૦

તીરથવાસી સબ સુણો, તમે જાણો કાસી ઘાટજી;
દીદાર પાવોગે કાસી તણા, ઇચ્છા હોયગી તમારીજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૧

સદ ગોરને સૌ પાએ પડ્યા, અરજ સૂણો ગોર ઇમામજી;
દરશન દેખાડો કાસી તણા, દયા કરીદો દિદારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૨

અરજ કરી ત્યાં ઇમામને, દયાવંત દુઃખ કરો દુરજી;
આપ ફરમાવો કાંજીએ, પ્રેમ ભકિત જોઇ ભરપૂરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૩

તારે ગોર બ્રહ્મા એમ બોલીયા, અબ જાઓ તુમારે મુકામજી;
ઇચ્છા હોગી સો પાવગે, કલ કાજીકા દેખોધામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૪

વચન સુણી સૌ ગોર તણા, આવ્યા પોતાને મુકામજી;
એરે વાતતો એટલે રહી, ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૫

દુઃખ નીવારે દયા કરી; એછે અનાથુંનો નાથજી;
ક્રિપા કરી દાશ ઉપરે, ધણી મારો હેતે ઝાલે હાથજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૬

ગોર બ્રહ્મા અંતરધ્યાન થઇ, આપે પોહોચ્યા વૈકુઠ ધામજી;
ચરિત્ર એના કોઇ જાણે નહિ, ના જાણે પોતાનો હોયે દાશજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૭

આપે જયાં અંતરધ્યાન થયા, ના મળે જગ્યામાં તે વારજી;
કાંકા સહુ શોધવા લાગીયા, કારણ બન્યું શું કિરતારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૮

શોકાતૂર સૌ શેવક થયા, મનમાં થયા બહુ ઉદાસીજી;
વિલાપ કરી હામો હામ જૂએ, ગયા કયાં જંબુદ્વિપનાં વાસીજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૭૯

અરજ કરે સૌ ઇમામને, ગોર મારી લજ્જા રાખણહારજી;
છલ કરીને અમને છેતર્યા, એમ નાં કીજે કિરતારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો ૮૦

વૈકુંઠપતી વિચારીએ, લજ્જા રાખો આણી વારજી;
નહિ આવો અવશાર વિષે, જાશે તમારી તે લાજજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૧

દુઃખ નીવારે દયા કરો, પધારો પીરાણાની માંહેજી;
આરે અવસરે જો આવો નહિ, દેહ તજીએ હમો સારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૨

એવી ટેક અંતરમાં ધરી, બેઠા આશન વાળીજી;
નામ ઇમામનું લેઈ કરી, દેહી તજયાનો કરે ઉપાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૩.

પોકાર કરે સૌ શેવકો, આપે જાણ્યું વૈકુંઠવાશીજી;
ભીડ પડીરે મારા ભકતુંને, દુઃખે દુભાણા મુજ દાશજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૪

એવું જાણી આપે આવીયા, પ્રગટ થયા પીરાણા માંહેજી;
ભિસ્ત થકીરે ગંગા લાવીયા, રાખી પોતાની પાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઈમામનો. ૮૫

દીદાર થયા સૌ દાશને, કિરપા કરી તેણે વારજી;
પ્રેમ સહિત ગોરને પાએ પડ્યા, થઇ રહ્યોછે જયજયકારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૬

ધન્ન ધન્ન વૈકુઠનાથને, ધન્ન ધન્ન ગોર ઇમામજી;
ભકત કારણ કામ કેવાં કર્યાં, ગંગા લાવ્યા ભિસ્તથીભોમજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૭

એ વાત તો એટલે રહી, તિર્થવાશીનું થયું કામજી;
ગુરૂને પરતાપે સૌ બની રહ્યું, સર્વે સૂતાછે ત્યાહીજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૮૮

રાગ દોહરો.

દેવ ઘણા દુનીયા વિષે, ગણતા ન આવે નેક;
પરગટ દેખો પારખું, ગોર ઇમામ છે એક. ૧

જુગમાં જાણે એક હે, અવરમાં જાણો કોઇ;
ગોર નરને દો માનશે, દોજક જાશે સોઇ. ૨

રાગ છપ્પો.

ભરનિંદ્રા ભરપૂર, સૌ સૂતાછે જ્યાંહી;
ત્રિલોકીનાથે તતકાલ, માયા રચાવી ત્યાંહી;
બન્યું કાસીપુર ધામ, મુકામ બન્યા ત્યાં બંકા;
તેને કરતાં સોવાર, દેસમાં જસનાં ડંકા;
ભકત કારણ કામ કેવાં કર્યં, ધન્ન ધન્ન ધણી કહેવાય છે;
કહે બંધ્ધુ તિર્થવાશી તણા, જન્મનાં દુઃખડાં ટળી જાય છે. ૧

સુકરિત કરીને કામ, મુકામ પોતાને આવ્યા;
ટળ્યા ત્રિવિધીતાપ, મહા અમ્મર ફળ પાળ્યા;
તેના પુન્ય તણો નહિ પાર, હેતે ગોરે હાથ ઝાલ્યો;
તેના પૂન્ય તણો નહિ પાર, ચોરાસી ફેરો ટાલ્યો;
અમ્મર ડંકો દેઇ કરી, રાતે સતા સૌ સહી;
કહે બંધ્ધુ પ્રભાતમાં, કોત્તક કશું ભાળે નહિ. ૨

રાગ પ્રછાનો.

સુંતા કેડે ગોરે શું કર્યું, માયા શંકેલી તેણી વારજી;
સૌ સૌને ઠેકાણે થયા, કામ કેવાં કરે કિરતારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો; ૮૯

સુતા સવારે સૌ જાગિયા, કૌત્તક મોટું કહેવાયજી;
આરે કારણ શું નીપનું, ગોરે કરીને કિપાએજી.
પ્રગટ પ્રછે રે ગોર ઇમામનો. ૯૦

એવું જાણી ત્યાં સૌ આવીયા, આવ્યા ગુરૂજીની પાસજી;
પ્રેમ સહિત ગોરને પાએ પડયા, છીયેં તમારા દાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૧

ભલે પૃથ્વીમાં પ્રગટ થયા, સેવકની સેવા સારજી;
શેવક જાણી રાખો ચરણ વિષે, ધન્ન ધન્ન જંબુદ્વિપના રાયેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૨

રાગ છપ્પો.

ધન્ન ધન્ન ગોર ઇમામ, પ્રથમ દીદારજ પાય;
ધન્ન ધન્ન તમ પ્રતાપ, કાસી દીદાર દીખાયા;
ધન્ન ધન્ન તમ પ્રતાપ, સ્નાન ગંગામાં કીધા;
ધન્ન ધન્ન તમ પ્રતાપ, દાન બ્રાહ્મણને દીધા;
પ્રગટ પ્રતાપ છે તમ તણો, દાશ રૂદે દેખ્યા સહી;
કહે બંધ્ધુ કોઇ કળા કળે, ભોમી ઉપર ભાળ્યો નહિ ૧

રાગ પ્રછાનો.

અનંત પ્રકારે અરજ કરી, ભવોભવ આપના ગુલામજી;
ક્રિપા કરીને શેવક કરો, અરજ સુણો ગોર ઇમામજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો ૯૩

પ્રબોધ દીધો પ્રેમથી, જનોઇ ઉતારી છે ત્યાંએજી;
નામ રૂપી જનોઇ પેરીએ, એવું બોલ્યા સૌ તાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૪

સર્વે જનોઇયું ઉતારીયું, ઉતારી મણુતે સવાએજી;
તાંથી સૌએ ગોર થાપીયા, શેવક થયા સૌ ત્યાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૫

ગોરે સૌ શેવક તણા, ખોજા ઠક્કર ધરાવ્યા નામજી;
જગત તારણ છે રે જાગતો, ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૬

પંનજો ગોરનો જાહેર છે, નાંનાં રોજાની માંહેજી;
હાલ્ઞ જનોઇ છે કાયમ તહીં, જૂવે સૌ વારંમવારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૭

પછે ગોરે શું કર્યું, ગંગાતણું વરણામજી;
શેવક સારૂં ગોરે કેવું કર્યું, સુણો ચુમન થઇ એક મનજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૮

ગોરે કુવો ગળાવીયો, ગંગવો કુવો જેનું નામજી;
થોડી ગંગાજી માંહે મુકીયા, બીજી કબરની ઠેકજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૯

ધન્ન ધન્ન ગોર ઇમાદિન, ધન્ન ધન્ન તમારો અવતારજી;
ભક્તનું કારણ કામ કેવાં કર્યાં, દુઃખ નીવારે તું દાતારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૦

પાંચ શેવક પીર આળખ્યા, વિગતે કહું તેમનાં નામજી;
શ્રોતા જન સૌ સાંભળો, ગોરે કર્યાં તેમનાં કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૧

હાજર જોગ હજુરમાં, પ્રથમ હતા ગોરની પાસજી;
સત્ મુસલમાન તેનો સહી, દુજા નાયા કાકા દાસજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૨

તે પણ જાતે કોળી હતા, ગોરે હેતે ઝાલ્યો હાથજી;
ત્રીજો શેવક લેવો કણબી કૈયે, સાગા કાકા જેનું નામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૩

ચોથા શેવક ભાભારામ કૈયે, તે પણ કણબી કહેવાયેજી;
પાંચમા શેવક કીર્કાબાઇ કહીયે, ભાભારામની બેનજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૪

શેવા કરી પાંચે ગોર તણી, પ્રેમ ભકિત ભરપૂરજી;
શેવક જાણીને વચન દીધાં, દોહેલાં દુઃખ કર્યાં દુરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૫

સતૂ ગોર મુખથી ઓચર્યાં, સુણો હાજર બેઠ હુજુરજી;
અમે કૈયે તે તમે પામશો, નિશ્ચે જાણજો જરૂરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમાનનો. ૧૦૬

હક થાશે દેહ જ્યારે માહરો, દેહ પછી પડશે તમારોજી;
વીસ કદમ છેટે તમતણી, થાશે કબર વચન હમારોજી.
પ્રગટ પ્રછોરે ગોર ઈમામનો. ૧૦૭

પેહેલી સલામ તમને ભરે, ફુલ ચડે કબર તમારીજી;
પેહેલાં આવી સૌ તમને નમે, પછે નમે કબર હમારીજી,
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૦૮

કબર તમારી ઉપરે, ગમે તેવો પડે તાપજી;
શીતળ સદારે કબર તમતણી, એવું મોટુ રાખ્યું માપજી.
પ્રગટ પ્રછોરે ગોર ઈમામનો. ૧૦૯

શેવકને સનમાન દીધા, વચન પ્રમાણે થયું તેમજી;
પેહેલી સલામ હાજર બેગને, શીતાળ કમરછે સદાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૦

હાજર બેગને વેણુ આપીયું, નાયાકાકાને કીધા ન્યાલજી;
અખંડ ભકિતરે ભલી એમની, અંત્તરે ઉપન્યું વ્હાલજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૧

નાયાકાકાને ગોરે એમ કહ્યું, કાનમ પ્રગણે કુકશ ગામજી;
તેં જાઓ વચન અમતણો, શુંદિર બનાવો જઇ ધામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૨

માનતા ચાલશે તમ તણી, માણસ મળશે અપારજી;
એવાગોરના અમુલમાન મળ્યા.નાયાકાકાનોધન્ન અવતારજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૩

શાણા કાકા જે શેવક કૈયે, ગોરે આપ્યું અવિચળ વચનજી;
પ્રેમ ભકિતરે ભલી એમની, ક્રિપા કરી રીઝયા મનજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમાગનો. ૧૧૪

ખુશી થઇ ખુદાવંત બોલીયા, શેવજો ગાદી સત્ ઉપાએજી;
ધન્ન ધન્ન અવતાર શાણાકાકાનો,ધણી ગોરે કરીછેક્રિપાએજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૫

કણબી કહેવાયે જાતના, ગોરની શેવા બહુ સારજી;
દુઃખડાં ટાળી અવિચળ ગાદી સોંપી, શેવા ફળ પામો સારજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૬

પછી ભાભારામ ભકત ભલા, ગોરે વેણ આપ્યું એમજી;
તમેરે જાઓ ચરોતર વિષે, હું કહું તે કરો તેમજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૭

પેટલાદ પ્રગણા વિષે, દેવાગામ કહીયે જેહજી;
ત્યાંરે જઇને મુકામ કરો, ભલા બનાવોને ધામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૮

કીકીબાઇ શેવક કૈયે, ભાભારામની બેન થાએજી;
તેને ગોરે વચન એ કહ્યાં, કીકીબાઇ સુણો તાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૧૯

સત્ત ગોર મુખથી બોલીયા, અબી સુણો કીકીબાઇજી;
દેવા ગામથી એક ગાઉ પર, ગામ વસાવો તમે તાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૦

અમારા જેવી ત્યાં તમતણી, માનતા ચાલશે મનમાનીજી;
જાત્રા કરવા સૌ જન આવશે. ગુણ ગાશે ગુણી જનજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૧

ભાઇ બેન બે આનંદ થઈ આવીયા, ગોરે કીધું તે કામજી;
ત્યાંરે આવીને મુકામ કર્યો, શુંદિર બનાવ્યું ત્યાં ધામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૨

ગાઉ પર કીકીબાઇએ, શુંદિર વસાવ્યું એક ગામજી;
તેરે ગામનું નામ તમને કહું, કીકીબાઇની રૂણ કહેવાયજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૩

પ્રેમે સુખ પમાડયા પાંચને, ક્રિપા કરી શંકટ કાપ્યાજી;
શેવક પોતાના જાણી કરી, વાલે મારે અભેપદ આપ્યાજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૪

ફળ મળ્યું શેવા તણું, મનમાં જુઓ સૌ વિચારીજી;
બંદગિ કરશે તો બાવો બેડી તારે, એવા ગોર પ્રઉપકારીજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૫

એવું જાણી સૌ મુમનો, નિત્ત નિત્ત ગોરનું લીજે નામજી;
ગોરનર સાચા કરી માનજો, તો જાશો વૈકુંઠ ધામજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૬

એવા કામતે કાયમ છતાં, ગોર મારે જસનાં ડંકા દીધાજી;
પડદે થયા પછે શું થયું, કળી કાળમાં કીધા કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૭

એક સમે ગોરો આવીયો, આવ્યો જગ્યાની માંહીજી;
જોડા સહિત પંન્ડે આવીયો, બીકના આણી લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૮

કાકા સર્વે કેવા લાગીયા, જોડા ઉતારોને બારજી;
અમારા ગોર બેઠા રોજા વિષે, એમ કહીને સમજાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૨૯

ગોરાએ કહ્યું કર્યું નહિ, ગયો રોજાની માંહીજી.
ગુરૂજીએ પ્રછો દેખાડીયો, દેખાડયો તેણીવારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૦

ગોરો ત્યાંથી ચાલીઓ, ગઓ પોતાને મુકામજી
તંબુ નાખ્યો તો પાદર વિષે, નાખ્યોતો ગરમતે ગામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૧

રાત પડે ગોરો સુઇ રહયો, સુતો નિંદ્રા ભરપૂરજી;
ધણી મારે ઢોલીયો ઉડાડીઓ, ઉડાડયોં સીમાડા તે દૂરજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૨

એક તરફ ઢોલીયો જઇ પડયો, આપ પડયો જઈ એકાંતજી;
માનવી કોઇ દીઠું નહિ, ગોરનું રાખ્યું ના માપજી;
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૩

સુદ્ધ આવી સરીરને, જુવે ચારે પાસજી;
બીજું કાંઇ નજરે ભાસે નહિ, ભાસે ભોમોને આકાશજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૪

અરજ કરી ત્યાં ઇમામને, પાછો આવ્યો ગોરની પાસજી;
બન્યો ગુનેગાર તમતણો, માફ ગુનો કરો સાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૫

ત્રીલોકી નાથ જાણ્યા નહિ, ના જાણ્યા જુગનો કિરતારજી;
મુર્ખ મનમાં સમજ્યું નહિ, કહ્યું કર્યું નહિ લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૬

સતૂ ગોરને છત્ર બંધાવીયું, વિનતી કરે વારંમવારજી;
દાશ જાણીને દયા કરો, ત્રિલોકી તારણહારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૭

વિધ વિધ પેરે વિનવે, દુર કર્યું ગોરે દુઃખજી;
ક્રિપા દ્રઢ દાશ ઉપરે કરી, ત્યારે સરીરે થયો સુખજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૮

એવી રીતે તેને સુખ થયો, એવા પ્રમ સુખકારીજી;
પારખાં લેવા આવ્યો ગોર તણા, પ્રછો દેખાડી કર્યું સુખભારીજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૩૯

એવા મછાતો અપાર છે, કેટલા કહું વિસ્તારીજી;
એટલી બુદ્ધિ પહોંચે નહિ, થોડામાં કહું વિસ્તારીજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૦

એક સમે એ જગ્યા વિષે, ગોરે કર્યું એક કામજી;
પ્રગટ મછો એવા પૂરીયો, સો સુણો મુમન વિરજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૧

ધજાગરો ધણીનો કેયે, બાવન ગજનો વિસ્તારજી;
ઉપર ચક્ર ચડાવવા, મનુષ્ય મળ્યું છે અપારજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૨

મેહેનત કરે સો મળી, ચક્ર ચડાવવા તેણીવારજી;
ઘણી પ્રકારે પ્રાક્રમ કર્યાં, ચક્ર ચડ્યું નહિ લગારજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૩

ચક્ર જયારે ચડ્યું નહિ, સર્વ વિચારે મનમાહીંજી;
એકે ઉપાએ ચાલ્યો નહિ, નકલ લોક તેડયા બહુજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૪

મેહેનત કરી ત્યાં અતી ઘણી, ચક્ર ચડ્યું નહિ તેણીવારજી;
શોકાતૂર સૌ શેવક થયા, કામ બને કેવાં ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગ્નાર ઇમામનો. ૧૪૫

અરજ કરે ત્યાં ઇમામને, તું છુ જુગનો આધારજી;
ચક્ર ચડાવ્યું ચડે નહિ, કારણ બન્યું શું કિરતારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૪૬
દુનીયામાં કોઈ બીજો નહિ, તુજ વીનાં ત્રિભોવનરાએજી;
તારા નામનું ચક્ર ચડે નહિ, કારણ આ શું કહેવાયજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૪૭
અરજ સુણી શેવક તણી, વારે ચડયા તેણીવારજી;
ફકીરી વેષે પંડે આવીયા, આવ્યા જગ્યામાં તેણીવારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૪૮
ભેગા થયા સૌ મળી, આપે બોલ્યા ત્રિલોકી નાથજી;
કેમરે કારણ સોખાતુર થયા, એવું પૂંછે તેણીવારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૪૯
એવી રીતે જ્યારે પૂંછીયું, સૌકો બોલ્યા તેણીવારજી;
ચક્ર ચડાવવા મેહેનત કરી, એકે ચાલ્યો નહિ ઉપાયેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૦
એવું સુણી આપે ઓચર્યા, સરવે સુણોને તમામજી;
'મેહેનત કરીયે ચાલો સૌ મળી, નામ લેઇને ઈમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઈમામનો. ૧૫૧
વચન સુણી સૌ ઉઠીયા, ચક્ર ચડાવે તેણી વારજી;

આપે હાથ જ્યાં અડાડીયો, ચક્ર ચડ્યું તેણી વારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૨
એકદમ ચક્ર જ્યાં ચડ્યું. આનંદ થયો સૌને ત્યાંએજી;
તેરે સમે તેરે ગોર તણો મરમ ના જાણ્યો લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૩
પછી આઘેરા ચાલીયા, અલોપ થયા ગોર ઇમામજી;
સોધ્યા પણ જડયા નહિ, બધે તપાસ્યું તમામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૪
એવી રીતે ગોરે કામ કર્યા, કુડા કલજુગની માંહેજી;
આપે પ્રગટ જાંબુદ્વિપમાં, પ્રગટ પ્રછો દેખો ત્યાંહેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમાગનો. ૧૫૫
એ પછી એક અવસર વિષે, ગોરે કર્યું એક કામજી;
કલજુગ કુડો ઘણો વાપીયો, તેમાં ગોરે કર્યા કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૬
વાત પરમુખે જેવી શાંભળી, તેવી કીધી છે વિસ્તારજી;
માટે કરી સાને અરજ કરૂ, દોષ નાં ગણશો લગારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૭
સંવત વિક્રમનો જે કૈયે, ઓગણીસે ચોતરીશની સાલજી;
માસ ભાદરવો ભરપૂરમાં, કામ બન્યું એક વિસ્તારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૮

નથુ કાકા જયારે હક થયા પછી, ગાદ્દીએ બેશે તે કોણજી;
સરવે ત્યાં વિચારીયું, ગાદી બેઠયાનો કરે ઉપાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૫૯
જમાત સર્વને તેડાવીઆ, આવી મલ્યા સર્વે ત્યાંએજી;
સર્વે મળી વાત ગાદી તણી, કરે છે વારંમ વારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૦
ઠરાવ કરતાં થંભી રહ્યા, દીવસ ત્રણ થયા ત્યાંહેજી;
માંહે માંહે મતે બોલીયા, અતી અકળાણી જમાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૧
મત નાં ચાલ્યો મોટા તણો, ગોરે જાણ્યું ખોટું કહેવાયેજી;
દ્રડ ભરૂંસો દેવા દાશને, ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૨
શું જાણે સહુકાર સેઠાયો, ગીરમથા ગામનો રહેવાસીજી;
ગોર સપનામાં તેને આવીયા, વાત કરી છે વિસ્તારીજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૩
તું જા ભાઇ જગ્યા વિષે, વિવેકે કરો જઇને વાતજી;
કહું તે પ્રમાણે તમે જઇ કહો, તઇ સૌ મલી છે જમાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૪
વાદ વિવાદ કરવો નહિ, કહ્યા પ્રમાણે કરો કામજી;
કોજા સદ્દગોરનાં સામા રહી, બેઠી પેરૂા સૌ આજજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૫

સનમુખ થઇને ચલાવજો, બેડી ટૂટે જેની ત્યાંએજી;
બેડી ટૂટે તે ગાદી તણો, સત્ મુજાવર કહેવાએજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૬

એ રીતે જઇને કહો, ગોરે કહ્યું સ્વપના માંહેજી;
પ્રભાતે આવ્યો પોતે પ્રેમથી, આવ્યો રોજાની માંહેજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૭

જાણ કરી સૌ જમાતને, વિસ્તારી કીધી વાતજી;
વાત સૂણી સહુકાર તણી, ખુશી થઇ છે જમાતજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૮

વાત ગમી સૌ સાદાતને, વળી કાકા સૌને ત્યાંએજી;
એવું સૂણીને આનંદ થયા, બેડી પેરાવ્યાને કરે ઠરાવજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૬૯

સૈયદ સૌ ભેગા થયા, કાકા બોલાવ્યા સૌ ત્યાંએજી;
બેડી પેરી સનમુખ ચાલે, ધણી મારો કેવાં કરે કામજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૦

બેડી પેરીને એક ચાલીયા, રોજા સામું તેણી વારજી;
પ્રગટ બેડી પણ ટૂટે નહિ, બીજાને પેરાવે તેણી વારજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૧

તેની પણ તૂટી નહિ, એકાએક પેરી તમામજી;
કોઇની બેડી પણ તૂટી નહિ, કાકા કરમસી રહ્યા એકજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૧૭૨
બેડી જ્યારે તૂટી નહિ, સરવે થયા મન ઉદાસજી;
સરવે મલી મન વિચાર કરે, ગોરને કરે છે અરદાસજી
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૧૭૩

રાગ છપ્પો.

ધન્ન ધન્ન ગોર ઇમામ, અરજ સુણોને અમારી;
આ અવશરમાં આજ, લજ્જા જાએ તમારી;
કલી કાલમાં કામ, કોઇ આવું નવ કીજે;
દયા કરી દિલમાંએ, દ્રઢ ભરૂસા દીજે;
સાચા કરો હો સમરથ ધણી, આજ કઠણ કળી કાળમાં;
કહે બંન્ધુ દો પારખું, આપે છો પ્રગટ હાલમાં. ૧

રાગ પછાનો.

એવી રીતે જ્યારે અરજ કરી, ગોરછે લજ્જા રાખણહારજી;
શેવક સર્વની સાએ કરો, વેગે આવો આણી વારજી.
પ્રગટ પછોરે ગોર ઇમામનો. ૧૭૪
સાહાત સર્વે ફરમાવીયું, કાકા કરમસીને ત્યાંએજી;
બેડી પેરો તમે પ્રેમથી, રાજી થઇ કહે જમાતજી.

પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૫

કાકા કરમસી ત્યાં બોલીયા, જમાત સુણો તમામજી;
એવું મારે ભાઈ નવ જોઇએ, ગોરને શોધ્યાનો અધિકારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૬

ફરી સાહાતે ફરમાવીયું, બેડી પેરી તેણી વારજી;
અરજ કરે ગોર ઇમામને, દાશની વેગે કરો સારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૭

સ્તુતી સુણી શેવક તણી, ધણી મારે કરીછે કિ્રપાએજી;
નામ ઇમામનું લેઇ ચાલીયા, બેડી ભડાક ભાંગી ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૮

જયજયકાર ત્યાં થૈ રહ્યો, આનંદ થયો સૌને ત્યાંએજી;
નગારા નોબત ડંકા વાગીયા, આરતી ગોરની ઉતરાએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૭૯

સરવે મળી ગાદી પાસે, કરમસી કાકાને બેસરાવેજી;
નામ ઇમાનનું લેઇ કરી, પ્રેમે પાઘડી બંધાવેજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૮૦

ધન્ન ધન્ન ગોર ઇમામને, ધન્ન ધન્ન તમારા તે દાશજી;
દેવ ઘણા છે દુનિયા વિષે, પ્રગટ પ્રછો નહિ કાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૧૮૧

પ્રગટ પ્રછા એવા પૂરીયા, ગણતા ગણી ના સકાએજી;